
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



શાંતીથી નહાવા દેજે... આગળ જતા જો પાણીમાં કોરોના આવ્યોને તો નહાવાનું પણ છુટી જશે...

# ટીંટોડા ગામે શિક્ષક મુકેશભાઈ પપેટ અને ટીએલએમ થકી બાળકોને શિક્ષણ આપે છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે બાળકોને કલા, રમતના સમન્વય સાથે શિક્ષણનો નવતર અભિગમ શાળાના શિક્ષક મુકેશભાઈ પટેલે અપનાવ્યો છે.

ટીંટોડા પ્રા. શાળામાં હાલ ૫૪૬ જેટલા બાળકો નોંધાયેલા છે. ગામમાં શેરી શિક્ષણ પણ ૧૫ જેટલા સ્થાનો પર ચાલે છે. શાળાના આચાર્યા અનુબેન મોદીએ જણાવ્યુ હતુ કે આ વખતે ધો. ૧ માં ૫૩ જેટલા નવા બાળકો અને ધો. ૬ થી ૮ માં ૩૨ જેટલા નવા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે અમારી સંસ્થામાં ખાનગી શાળા છોડી આવનારા બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે. પાંચથી વધુ બાળકોએ ખાનગી શાળા છોડી ધો. ૬ થી ૮ માં પ્રવેશ મેળવ્યો છે.

ટીંટોડા પ્રા. શાળાના શિક્ષક મુકેશભાઈ પટેલ અહિ બાળકોને પપેટ સાથે અભ્યાસ કરાવે છે એટલુ જ નહિ બાળકોને સ્વચ્છતાનું મહત્વ શું છે તેની સમજ પણ પપેટ દ્વારા આપે છે.

મુકેશભાઈ પટેલ આમ તો પોતે ખુબ ગરીબ પરિવારમાંથી આગળ વધ્યા છે. તેમણે સંગીત પણ જાત મહેનતથી જ શીખ્યા છે આજે તેમનો વિશ્વાસ એટલો અડગ છે કે બાળકમાં જો રૂચિ હોય તો તેને ૧૫ દિવસમાં ઢોલક વગાડતાં શિખવાડી દે છે.

તેઓ ફલ્યુટ પણ સરસ વગાડે છે અને હારમોનિયમ તેમજ તબલા પણ સરસ વગાડે છે. તેઓ સારા પેઈન્ટર હોવાથી તેમણે બાળકોને ભણાવવા માટે વેસ્ટમાંથી બેસ્ટ યુ સર્જન કરી ટી.એલ.એમ.નું પણ સારૂ એવુ નિર્માણ કર્યુ છે.

રમતિયાળ બાળકને રેતીમાં લખતા શિખવાડે છે. ૨૨ વર્ષથી આ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મુકેશભાઈએ અંક ઓળખ તેમજ ઘડિયાના શિક્ષણ માટે ઘડિયાળ બનાવી છે. આ ઉપરાંત મૂળાક્ષરો જે કક્કા બારખડીના છે તેને શિખવાડવા માટે પણ ઘણુ બધુ વેસ્ટમાંથી બેસ્ટ સર્જન કરી બનાવ્યુ છે.

**ટીંટોડામાં ૧૫ સ્થાનો પર શેરી શિક્ષણ ચાલે છે : દર કલાકે શિક્ષકો શેરી બદલી બાળકોને શિક્ષણ આપે છે**



મુકેશભાઈ કહે છે કે મને સતત શીખવાનું બાળકો અને સાથીઓ પાસેથી મળ્યુ છે.

પપેટ દ્વારા તેમણે જનજાગૃતિ અભિયાન માટેની સ્કીપ્ટો પણ લખી છે. નાટ્યલેખન, હાસ્ય, મિમિક્રી એ તેમના પ્રિય છે.

શાળાના આચાર્યા અનુબેન મોદીએ પણ તેમના ઉત્સાહને સતત પ્રોત્સાહિત કર્યો છે. અનુબેન મોદીએ જણાવ્યુ હતુ કે શાળામાં હાલ બાળકો આવતા નથી પરંતુ ગામમાં રોજ ૧૫ જેટલા સ્થાનો પર શેરી શિક્ષણ ચાલે છે. ગામ મોટુ છે તેમજ શાળા પણ મોટી છે એટલે શેરી શિક્ષણમાં દર કલાકે એક શેરી બદલી બીજી શેરીમાં શિક્ષકો જાય છે અને બાળકોને ભણાવે છે.

તેમણે કહ્યુ હતુ કે ટીંટોડાની તેમની સ્કૂલમાં હાલ ૧૮ વર્ગખંડ છે. તેમના સહિત ૧૬ શિક્ષકો છે. તેમણે કહ્યુ કે શેરી શિક્ષણમાં અમને શરૂઆતમાં થોડોક ઓછો પ્રતિસાદ સાંપડ્યો હતો પરંતુ હવે બાળકો આવે છે અને તેમની હાજરીમાં વધારો જરૂર થયો છે.

# સેકટર-૩૦ સર્કલ પાસે અજાણી કારની ટક્કરે બાઈક ચાલકને ઈજા

ચિલોડા બીએસએફ કેમ્પ ખાતે સબ ઈન્સ્પેકટર રેડીયો ઓપરેટર તરીકે સેવા બજાવતા અને શહેરના સેકટર-૩૦ બ્લોક નં.૧૪૪-૪ જ ટાઈપ ખાતે રહેતા ૫૧ વર્ષિય ભગવાન રામેશ્વર શર્મા પોતાના પરિવાર સાથે રહે છે. બીએસએફ કેમ્પ ખાતે તેઓ છેલ્લા ૩૨ વર્ષથી ફરજ બજાવે છે. ત્યારે ગતરોજ તેઓ નોકરી થી ઘરે આવવા માટે બાઈક નં. જી.જે.૧૮.એ.એલ.૯૨૬૦ લઈને સાડા અગીયાર વાગ્યાના અરસામાં નીકળ્યા હતા. ત્યારે સેકટર-૩૦ સર્કલ પાસે અજાણી કારના ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. જેથી ભગવાનભાઈ નીચે માર્ગ પર પટકાતા તેઓને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. બનાવ અંગે ૧૦૮ ને કોલ કરતા તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણી કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અર્બન હેલ્થ સેન્ટર સે. ૨ ખાતે વેક્સિનેશનનો બીજો ડોઝ લીધો હતો.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૮૭૪૩ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦૫ અને શહેરી વિસ્તારમાં ૩૭૭૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણી જે ધીમી પડી હતી તેમાં ગતિ આવી છે.
- યંગ લીડર હિન્દી દૈનિકના તંત્રી ધર્મેન્દ્ર જૈનના ધર્મપત્ની નિલમ જૈનનું દુ:ખદ અવસાન થયુ છે.
- આજે પંચાયતના અધિકારીઓ આખો દિવસ વિડીયો કોન્ફરન્સમાં જ વ્યસ્ત રહ્યા હતા. સવારે જિલ્લાના અધિકારીઓએ તાલુકાના અધિકારીઓ સાથે અને બપોર પછી અધિક મુખ્ય સચિવ મિત્રાએ વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.
- જિલ્લા બાળ સુરક્ષા એજન્સીની બેઠક જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી.
- મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે સે. ૧૭ ખાતે નવનિર્મિત મનપાની કચેરીની મુલાકાત લઈ ત્યાં ફર્નિચર સહિતની ચાલતી અન્ય કામગીરી અંગે સમીક્ષા કરી હતી.
- જિલ્લા પોલીસ અધિક્ષકે પણ જિલ્લા પોલીસ તંત્રનો ગંજીફો ચીપી ૧૪૩ જેટલા પોલીસ કર્મયોગીઓની બદલીના હુકમો કર્યા છે.

# ગાંધીનગર શહેરમાં મેલેરીયા-ફાલ્સીપેરમનો રાફડો ફાટ્યો

**વિકાસકામોના નામે ઠેર ઠેર ખોદવામાં આવેલા ખાડાઓમાં ભરાયેલા વરસાદી પાણી મચ્છરોના ઉત્પત્તિસ્થાન બન્યા : તબીબોને ત્યાં દર્દીઓની લાંબી કતારો**

ગાંધીનગર, તા. ૧૩

કોરોનાનું જોર ઘટ્યા બાદ હવે શહેરમાં મેલેરીયા અને ફાલ્સીપેરમનો ઉપદ્રવ વધ્યો છે. શહેરના તબીબોને ત્યાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. નવા અને જુના સેક્ટરો તથા ન્યુ ગાંધીનગરમાંથી પણ મેલેરીયા-ફાલ્સીપેરમના અસંખ્ય દર્દીઓ સામે આવી રહ્યા છે.

ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. જૂન મહિનામાં વરસાદ પડ્યા બાદ મચ્છરજન્ય રોગચાળો વધી ગયો છે. ગાંધીનગર શહેરના વિવિધ તબીબોને ત્યાં હાલમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. મોટાભાગના દર્દીઓ તાવ, ઠંડી જેવી ફરીયાદ સાથે આવી રહ્યા છે. હાલમાં જ કોરોનાના કેરનો સામનો કરી ચુકેલા ગાંધીનગરાઓ જરાક તાવ આવે તો તુરંત જ ડૉક્ટર પાસે દોડી જાય છે. કોરોનાના ટેસ્ટ સહિત હવે તબીબો મેલેરીયાના ટેસ્ટ કરાવી રહ્યા છે. મોટાભાગના કેસોમાં સાદો કે ઝેરી મેલેરીયાનુ નિદાન થઈ રહ્યુ છે. કોરોનાના કેસ લગભગ શૂન્ય થઈ ગયા છે.

ગાંધીનગર શહેરના તબીબોના જણાવ્યા અનુસાર નવા-જૂના ગાંધીનગર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખુબ જ દર્દીઓ આવી રહ્યા છે. લગભગ તમામ દવાખાનાઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. થોડાક સમય પહેલાં શહેરમાં વરસાદ પડ્યો હતો ત્યારબાદ મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાલમાં રોડ-રસ્તાના સંખ્યાબંધ કામો ચાલી રહ્યા છે. જેના કારણે પડેલા ખાડાઓમાં પાણી ભરાઈ ગયા છે. જે મચ્છરોના ઉપદ્રવ માટે ખુબ જ સાનુકૂળ સ્થળ બની રહ્યા છે. હાલમાં મેલેરીયા-ફાલ્સીપેરમનો રાફડો ફાટ્યો હોય તેવુ કહી શકાય છે.

## કોલેરાના વધતા કેસોથી તબીબો પરેશાન

છેલ્લા એક દાયકાથી લગભગ નામશેષ થઈ ગયેલો કોલેરાનો રોગચાળો શહેર અને જિલ્લામાં વધી રહ્યો છે. છેલ્લા કેટલાય વર્ષોમાં તબીબોએ કોલેરાનુ નામ પણ સાંભળ્યુ ન હતુ. હવે આ રોગચાળો ધીમે ધીમે વધતા તબીબો પણ પરેશાન જોવા મળી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના કલોલ અને ધોળાકુવામાં કોલેરાના સંખ્યાબંધ કેસો સામે આવ્યા છે. તબીબોના જણાવ્યા અનુસાર શહેરમાંથી પણ છુટાછવાયા આવા કેસો મળી રહ્યા છે. ગટરનુ પાણી પીવાના પાણીમાં મિક્સ થઈ જતાં કોલેરા વધી રહ્યો છે. કોલેરાનો રોગચાળો છેલ્લા દાયકામાં લગભગ નામશેષ થઈ ગયો હતો. એક પણ કેસ નોંધાતા ન હતા, પરંતુ આ વર્ષે અચાનક જ કોલેરાના કેસો વધતા તબીબોમાં ચિંતા પેઠી છે.

# જિલ્લા પોલીસ વડા દ્વારા ૧૪૩ કર્મચારીઓની આંતરીક બદલી

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા દ્વારા વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા ૧૪૩ કર્મચારીઓની આંતરીક બદલી કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ કેડરના અધિકારીઓની બદલીઓનો દોર ચાલી રહ્યો છે. આઈપીએસ અધિકારીઓની પણ સામુહિક બદલીઓ થવાની છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની પણ બદલી થાય તેવા સંકેત જોવા મળી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા જિલ્લાના વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, અને લોકરક્ષક કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી એક જ પોલીસ મથકમાં ચીપકીને ફરજ બજાવતા તેમજ માંગણીવાળા પોલીસ જવાનોની બદલી કરાઈ છે. બદલી કરાયેલા કર્મચારીઓ કલોલ, માણસા અને દહેગામ સહિત ઈન્ફોસીટી, સેકટર-૨૧,૭, પેથાપુર, અડાલજ, રખીયાલ,મહિલા પોલીસ મથક, હેડ કવાર્ટર સહિતના પોલીસ મથક ખાતે ફરજ બજાવતા હતા. જિલ્લા પોલીસવડાએ એક સાથે ૧૪૩ પોલીસ કર્મચારીઓની બંદલીનો ગંજીફો ચીપી એક સાથે બદલી કરી દેવાઈ છે. આ બદલી કરાયેલા કર્મચારીઓ પૈકી પાંચ કર્મચારીઓને એટેચમાં કંટ્રોલરૂમ ખાતે સીસીટીવી વિભાગમાં પણ ફરજ બજાવવાનો હુકમ કરાયો છે.

# પેથાપુર પીએસઆઈના વિરોધમાં વેપારીઓ દ્વારા સજ્જડ બંધ



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર અને તાલુકાના શહેરોમાં કોરોના ગાઈડ લાઈન અને પોલીસ શરતોને આધિન રથયાત્રાને મંજુરી આપવામાં આવી હતી. પરંતુ ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર પોલીસ મથકના પીએસઆઈએ પેથાપુર રથયાત્રા સમિતિના સભ્યો સાથે ગેરવર્તણુક કરીને રથયાત્રાને મંદિર સિવાય અન્ય સ્થળે નહી લઈ જવાતા ગ્રામજનો તેમજ પેથાપુરના વેપારીઓ દ્વારા મંગળવારના રોજ બજારો સજ્જડ બંધ રાખી પીએસઆઈ સામે વિરોધ દર્શાવ્યો હતો.

મળતી વિગત મુજબ પેથાપુરના ગ્રામજનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા સમિતિ દ્વારા પોલીસ પાસે પરવાનગી પણ માંગી હતી. પરંતુ રથયાત્રાને પરવાનગી ન આપીને સમિતિના સભ્યો સાથે ઉધ્ધત વર્તન કરતા ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. પેથાપુર રથયાત્રાને માત્ર મંદિરની બહાર જ રથ લાવવામાં આવતા વર્ષો જુની પરંપરા અટકી ગઈ હતી. જેથી વેપારીઓ અને ગ્રામજનો દ્વારા પીએસઆઈ વી.બી.પરમારના વિરોધમાં પેથાપુર બંધનું એલાન આપવામાં આવ્યું હતું.જેને પગલે મંગળવારના રોજ પેથાપુર પીએસઆઈના વિરોધમાં વેપારીઓ દ્વારા બજારો સજ્જડ બંધ રહ્યા હતા.

# ઈસનપુર જુગારધામ પર પોલીસ ત્રાટકી ૧૧ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧૩

શ્રાવણ માસને પ્રારંભ થવાને હજી વાર છે. શ્રાવણીયો જુગાર તો હજુ શરુ થયો નથી, પરંતુ જુગારીઓ બાજી માંડીને જુગાર રમવા માટે લાગી ગયા છે. શહેર જિલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે મગોડી-ઈસનપુર માર્ગ પર ખેતરમાં આવેલા મકાનમાં ચાલતા જુગારધામ પર ચિલોડા પોલીસ ત્રાટકી હતી. પોલીસને જોઈને જુગારીઓના મોતીયા મરી ગયા હતા. પોલીસે સ્થળ પરથી જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને રૂ.૫૫,૪૫૦ રોકડા, તેમજ ૨૦૫ કોઈન, ૧૧ નંગ મોબાઈલ, સહિત અંદાજીત રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિઓને ડામવા માટે કડક સુચનાઓ આપવામાં આવી છે. જેને પગલે ચિલોડા પોલીસ મથકના પીઆઈ આઈ.એમ.હુદડના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફના પીએસઆઈ એમ.એચ.સોલંકી સ્ટાફના કર્મચારીઓ સાથે વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે કોન્સ્ટેબલ કરમણભાઈ સાકાભાઈને બાતમી મળી હતી કે મગોડી ઈસનપુર મોટા ગામ તરફ જવાના માર્ગ પર સુરેશ ચીમનભાઈ પટેલના ખેતરમાં આવેલા બે માળના મકાનમાં છેલ્લા કેટલાક સમયથી જુગારધામ ધમધમી રહ્યું છે. જેથી બાતમીને પગલે ખેતરમાં આવેલા મકાનમાં દરોડો પાડવા માટે નાયબ પોલીસ અધિક્ષક પાસેથી વોરંટ મેળવી પોલીસ બાતમી વાળી જગ્યા પર પહોંચી ગઈ હતી. પોલીસે કોઈ જુગારી હાથમાંથી છટકી ના જાય તે માટે મકાનને કોર્ડન કરી લીધુ હતું. ત્યારબાદ મકાનનો દરવાજો ખખડાવતા સુરેશ પટેલે દરવાજો ખોલ્યો હતો. પોલીસ અંદર પ્રવેશીને જોયુ તો નીચેના એક રૂમમાં જુગારીઓ ટોળે વળીને જુગાર રમતા હતા. જુગારીઓ જુગાર રમવા માટે પ્લાસ્ટીકના કોઈન નો ઉપયોગ કરતા હતા. વિવિધ રકમના ૨૦૫ કોઈન પોલીસને મળી આવ્યા છે. જયારે પોલીસને સ્થળ પરથી જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૫૫,૪૫૦ તેમજ ૧૧ નંગ મોબાઈલ કિ.રૂ.૪૬,૫૦૦ મળી કુલ રૂ.૧,૦૧,૯૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે સોશ્યલ ડિસ્ટન્સ, કલેકટર જાહેરનામા ભંગ સહિત જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોબા પાસેથી જુગાર રમતા ત્રણ મહિલા સહિત પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

કોબા અંતરીક્ષ સોસાયટી પાસે સસ્તા અનાજની દુકાન પાળ રહેણાંક વિસ્તારમાં પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓ પર ઈન્ફોસીટી પોલીસ ત્રાટકી હતી. પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડા રૂ.૩૫૦૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૫૭,૦૦૦, તેમજ ત્રણ મોબાઈલ કિં.રૂ.૯૫૦૦, અને કાર કિં. ૮ લાખ મળી કુલ રૂ.૯,૦૧,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ મહિલા સહિત પાંચ જુગારીઓને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને જુગાર અંગે બાતમી મળી હતી.જેથી પોલીસે કોબા અંતરીક્ષ સોસાયટી પાસે સસ્તા અનાજની દુકાન નજીક સ્થળ પર જઈ તપાસ કરતા જુગાર રમતા રમેશ ચંદુભાઈ સલાટ (રહે. ખોડીયાર રેલ્વે સ્ટેશન સામે ખોરજ ખોડીયાર), અશોક ચંદુભાઈ સલાટ ( રહે. ખોડીયાર રેલ્વે સ્ટેશન પાસે), દિપીકાબેન જગદીશભાઈ પટેલ (રહે. બ્લોક નં. ૧૨ મ.નં.૩૮૨ સત્યમ આવાસ ઔડા હાઉસીંગ વસ્ત્રાલ), હંસાબેન ભરતભાઈ ઠાકોર (રહે. ઈન્દીરાનગર છાપરા ઓઢવ અમદાવાદ), અને રીટાબેન ઝવેરીલાલ ઠક્કર (રહે. ૬૦૭ પારંતી પાર્ક ઓઢવ )ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી, દાવ, મોબાઈલ અને કાર સહિત કુલ રૂ.૯ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કોરોનાનો કેસ ન નોંધાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર તા. ૧૨ જુલાઈના ૫ કલાક બાદ એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. તેમજ એક પણ વ્યક્તિનું મૃત્યૃ થયું નથી. આજે જિલ્લામાં કુલ ૪,૭૯૧ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૫ લાખથી વધુ લોકોને કોવિડની રસી આપવામાં આવી છે.

**ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી ૫ લાખથી વધુ લોકોને કોવિડની રસી અપાઈ : આજે ગાંધીનગર જિલ્લામાં ૪,૭૯૧ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઈ**

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં દાખલ દર્દીઓ ૫૬ છે. તેમજ ડિસ્ચાર્જ ૯,૬૪૪ દર્દીઓને કરવામાં આવ્યા છે. તેમજ ૨૦૦ વ્યક્તિઓ હોમ કવોરોન્ટાઈલ છે.

કોરોનાને નાથવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર ર્ડા.કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ આરોગ્યતંત્રના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ર્ડા. મનુભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કોરોનાની રસીકરણ સુચારૂ રીતે થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેની ફલશ્રૃતિરૂપે અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૫,૩૩,૧૦૧ વ્યક્તિઓને કોવિડની રસી આપવામાં આવી છે. જેમાં ૪,૧૮,૫૪૫ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૧૪,૫૫૬ વ્યકતિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧